આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કૃપાલી મહિચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૧૫-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## બિરસા મુંડા જન્મ જયંતી

આદિવાસી ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી નિમિતે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારના જમુઈ ખાતેથી "પ્રધાનમંત્રી જન જાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન-પી.એમ.જનમન"ના લાભાર્થીઓ સાથે ઈ-સંવાદ કરશે.

રાજયકક્ષાની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ડાના આહવા ખાતે ઈ-સંવાગ કાર્યક્રમ યોજાશે.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે 10 કલાકે યોજાનાર કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી ડોક્ટર કુબેર ડિંડોર,વલસાડ-ડાંગ જિલ્લાના સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલ પટેલ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

**(RNU અમદાવાદ/કૃપાલી મહિચ્છા)**

------------------------------------------------------------------------

## સાયન્સ એન્ડ ટેકનોલોજી

રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે ટોચની વૈશ્વિક કંપની જેબિલ સાથે 1 હજાર કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયેલા આ કરાર અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન -DSIRમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સર્વિસીસ એટલે કે EMS યુનિટ શરૂ કરવામા આવશે.

RNU BHUJ

આ MOU મુજબ આગામી ૨૦૨૭ સુધીમાં આ યુનિટ શરૂ કરવામાં આવશે જેનાથી ૫૦૦૦થી વધુ રોજગારીની તકો ઊભી થશે અને વિશ્વ-કક્ષાના ઉત્પાદનો થકી રાજ્યની ટેકનોલોજી ઇકોસિસ્ટમને મજબૂત થશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, સીજી પાવર અને કેઈન્સ જેવી અગ્રણી ટેક્નોલોજી કંપની દ્વારા સેમિકન્ડક્ટર એકમો સ્થાપવામાં આયા છે. જે અંતર્ગત ટાટા ઈલેક્ટ્રોનિક્સ ધોલેરા ખાતે ભારતની પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ બનાવી રહી છે.

**(RNU અમદાવાદ/કૃપાલી મહિચ્છા)**

---

## ખેતીથી બિન ખેત

રાજ્ય સરકારે વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ઝડપ લાવવાનો નિર્ણય કર્યો છે.

મહેસુલ વિભાગના ઠરાવ મુજબ વાસ્તવિક ખરીદારનાં કિસ્સામાં જમીનનાં મૂલ્યાંકનને આધારે પ્રીમિયમ વસુલાતની વર્તમાન સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના મૂલ્યાંકન પર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

**(RNU અમદાવાદ/કૃપાલી મહિચ્છા)**

---

## કારતકી પુર્ણિમાં

આજે કારતકી પૂર્ણિમા છે. આજનું પર્વ દેવ દિવાળી તરીકે ઉજવાય છે. લાભ પાંચમ થી શરૂ થયેલ દસ દિવસીય પર્વોનું આજે સમાપન થાય છે. આજે લોકો આતશ બાજી અને ફટાકડા ફોડી આ પર્વ ઉજવે છે. પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકરે ત્રિપુરાસુર નામના અસુરનો સંહાર કર્યો હતો. તેથી કારતકી

પૂર્ણિમા ત્રિપુરારી પૂર્ણિમા તરીકે પણ જાણીતી છે. કેટલાક સ્થળે આજે પાંચ દિવસના તુલસી વિવાહ મહોત્સવનું સમાપન થાય છે.

**(ચંદ્રવદન પટ્ટણી/કૃપાલી મહિચ્છા)**

---------------------------------------------------------------------------

## ગુરૂ નાનક જયંતી

શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનક દેવજી ના 550માં પ્રકાશ પર્વ ગુરુ નાનક જયંતિની આજે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. શીખ લોકોની વધુ વસ્તી છે. એવા પંચરંગી ગાંધીધામ સંકુલમાં આ પર્વ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભુજમાં શીખ ગુરુ દ્વારા ખાતે આ પર્વ નિમિતે અખંડ પાઠ કિર્તન, ગુરૂકા લંગર સહિતનાં કાર્યક્રમોમાં ભાવિકો ભાગ લઈ રહ્યા છે. માંડવી અને અન્ય સ્થળોએ પણ ગુરુ નાનક જયંતિની ઉજવણી થઈ રહી છે.

**(ચંદ્રવદન પટ્ટણી/કૃપાલી મહિચ્છા)**

---------------------------------------------------------------------------

## પાણી વિતરણ

પાણી પુરવઠા યોજના અંતર્ગત GWIL હસ્તકની નર્મદાની અંજાર પમ્પીંગ સ્ટેશનથી ભુજ આવતી પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં રતનાલ પાસે ભંગાણ પડેલ છે. જેથી GWIL તરફથી આ પાઈપ લાઈનની મેન્ટેનન્સ કામગીરી કરવાની હોઈ આજથી આગામી બે થી ત્રણ દિવસ સુધી ભુજ શહેરને નર્મદાનુ પાણી મળી શકશે નહી. જેથી શહેરીજનોએ પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરવા ભુજ નગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યુ છે.

**(NP/કૃપાલી મહિચ્છા)**

---------------------------------------------------------------------------

# <u>પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર</u>

પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર - ભુજ દ્વારા આ વર્ષનો છેલ્લો સુપરમૂન અવલોકન કાર્યક્રમ આજે સાંજે 7:00 વાગ્યા થી શરૂ થશે. આ કાર્યક્રમમાં ફ્રોસ્ટ મૂન અને મોર્નિંગ મૂન વિશે જાણકારી મળશે. સુપરમૂનનો અદ્ભુત નજારો જોવાની આ સોનેરી તક હશે. વધુ વિગતો માટે આ નંબર પર સંપર્ક કરવો.7043924605

**(જાગૃતી વકીલ/કૃપાલી મહિચ્છા)**

-----------------------------------------------------------------------

RMU BHUJ